
## જન્મદિને વધામણી


આરવ પ્રકાશકુમાર પ્રજાપતિ
રડોદરા, તા.બાયડ


કેયાન સંદિપકુમાર પટેલ
દખણેશ્વર, તા.બાયડ


ડૉ. સુનિલભાઈ પી. શાહ
(આનંદ હોસ્પિટલ, બાયડ)
બાયડ, જિ.અરવલ્લી


સ્નેહલભાઈ જે. પટેલ
(પ્રમુખ : નગરપાલિકા, બાયડ, જિ.અરવલ્લી)


હસમુખભાઈ એન. પટેલ
(મંત્રી : આકરૂન્દ કેળવણી મંડળ) તા.ધનસુરા


સમીરકુમાર ડી. સોની
બાયડ (અમદાવાદ)


તિમિરભાઈ આર. પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા


મેહૂલકુમાર જે. પ્રજાપતિ
બાયડ, જિ.અરવલ્લી


કુમુદબેન એમ. પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા


હેનલકુમાર પટેલ
પેટલાદ (સુરત)


વૃન્દા ધર્મેન્દ્રભાઈ દરજી
૭, સ્વામિનારાયણ સોસાયટી, બાયડ, જિ.અરવલ્લી

# રાજ્યમાં સતત ચોથા દિવસે પણ કેસની સંખ્યામાં ઘટાડો

**ગુજરાતમાં કોરોનાના નવા ૧૩૦૫૦ કેસ નોંધાયા અત્યાર સુધીમાં કુલ ૪૬૪૩૯૬ લોકો સાજા થતા ડિસ્ચાર્જ : રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૧ વ્યક્તિના મોત**

ગાંધીનગર, તા. ૪

રાજ્યમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. રાજ્યના લોકો માટે સતત ત્રીજા દિવસે રાહતના સમાચાર છે. રાજ્યમાં કોરોના વાયરસના કેસમાં મોટો ઘટાડો થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩ હજારથી વધુ કોરોનાના કેસો નોંધાયા છે. તો બીજી તરફ મોતનો આંકડામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ચાર મહાનગરોમાં પણ હવે કોરોનાના નવા કેસમાં સામાન્ય ઘટાડો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતાં કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૦૫૦ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૧૨,૧૨૧ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૪,૬૪,૩૯૬ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જો કે, રાજ્યનો રિકવરી રેટ આજે ૭૪.૮૫ ટકાએ પહોંચ્યો હતો.

અત્યાર સુધીમાં ૧,૦૦,૨૦,૪૪૯ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૨૬,૮૨,૫૯૧ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૧,૨૭,૦૩,૦૪૦ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૧૮ થી ૪૪ વર્ષ સુધીના ૫૨,૫૨૮ વ્યક્તિઓને પ્રથમ ડોઝનું રસીકરણ કરવામાં આવ્યું છે. તેમજ ૬૦ વર્ષથી વધુ વયના અને ૪૫-૬૦ વર્ષનાં કુલ ૨૨,૭૯૪ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૪૫,૨૮૧ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧,૪૮,૨૯૭ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૭૭૮ લોકો વેન્ટિલેટર પર છે અને ૧,૪૭,૭૧૫ લોકો સ્ટેબલ છે. ૪,૬૪,૩૯૬ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૭,૭૭૯ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૨૨, સુરત કોર્પોરેશનમાં ૮, રાજકોટ કોર્પોરેશનમાં ૯, વડોદરા કોર્પોરેશનમાં ૮, જામનગર કોર્પોરેશનમાં ૯, ભાવનગર કોર્પોરેશનમાં ૫ અને જૂનાગઢ કોર્પોરેશનમાં ૩ દર્દીના મોત થયા છે. આ ઉપરાંત મહેસાણામાં ૩, વડોદરામાં ૫, સુરતમાં ૨, જામનગરમાં ૫, ખેડામાં ૨, સાબરકાંઠા ૩, મહિસાગરમાં ૧, જૂનાગઢમાં ૪, દાહોદમાં ૨, કચ્છમાં ૩, ગાંધીનગરમાં ૧, ગીર સોમનાથમાં ૧, નર્મદામાં ૧, રાજકોટમાં ૫, વલસાડમાં ૧, અમરેલીમાં ૨, ભરૂચમાં ૧, મોરબીમાં ૧, અરવલ્લીમાં ૧, બનાસકાંઠામાં ૪, છોટા ઉદેપુરમાં ૨, પાટણમાં ૩, ભાવનગરમાં ૫, તાપીમાં ૧, સુરેન્દ્રનગરમાં ૪, અમદાવાદમાં ૧, દેવભૂમિ દ્વારકામાં ૨ અને બોટાદમાં ૧ દર્દીઓના મોત થયા છે. આ સાથે રાજ્યમાં કુલ ૧૭૦ દર્દીઓના મોત થયા છે.

## કોરોના કોર્નર

- દિલ્હી ભાજપના કોર્પોરેટર સતપાલ ખરવાલનું કોરોનાથી નિધન.
- કાશ્મીરના પૂર્વ ગવર્નર જગમોહનનું નિધન.
- અમદાવાદમાં સાબરમતી અને ચાંદલોડિયા રેલવેસ્ટેશન પર રેલવે દ્વારા આઈસોલેશન બેડ તૈયાર કરાયા.
- કુવૈતે ૨૮૨ ઓક્સિજન સિલિન્ડર અને ૬૦ ઓક્સિજન કોન્સનટ્રેટર ભારત મોકલ્યા.
- આઈ.પી.એલ. ક્રિકેટ મેચ રદ કરાઈ.
- અમદાવાદમાં ૪૫ થી વધુ વયના નાગરિકોનું રસીકરણ મોકુફ કરાયુ.
- રાજ્યમાં હજુ ૨૦૦ ટન ઓક્સિજનની ઘટ હોવાની સરકારની હાઈકોર્ટમાં કબુલાત.
- તામિલનાડુએ મિડીયાકર્મીઓને ફ્રન્ટલાઈન વોરિયરનો દરજ્જો આપ્યો.
- બિહારમાં ૧૫મી સુધી લોકડાઉનની જાહેરાત.
- લોકડાઉન દરમ્યાન સ્કૂલો પુરેપુરી ફી નહી લઈ શકે - સુપ્રિમ કોર્ટ.
- ગુજરાતના મુખ્યમંત્રીના અગ્ર મુખ્ય સચિવ કે. કૈલાસનાથન કોરોનાથી સંક્રમિત.
- ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારનો કોરોનાની કામગીરી સંદર્ભે ઉધડો લીધો.

# સાબરકાંઠામાં કોરોનાનો રેકોર્ડ, ૧૫૧ પોઝિટિવ કેસ, ૧૦૯૫ એક્ટિવ કેસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

સાબરકાંઠા જિલ્લામાં મંગળવારે રેકર્ડ બ્રેક એક જ દિવસમાં ૧૫૧ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. ૧૦૯૫ એક્ટિવ કેસ નોંધાયા છે અને અત્યાર સુધીમાં કુલ મૃત્યુ આંક-૧૦૩ ઉપર પહોંચ્યો છે. જિલ્લાના શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં સૌથી વધુ કેસ બહાર આવી રહ્યા છે જે ચિંતા ઉપજાવે છે.

કોરોનાની મહામારી સામે સાબરકાંઠા જિલ્લાનું તંત્ર લડત લડવામાં તમામ મોરચે નિષ્ફળ સાબિત થતું હોય તેવી આંકડાકીય વિગતો પ્રકાશમાં આવી રહી છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં એન્ટિજન ટેસ્ટ કિટની અછત અને સરકારી કોવિડ તેમજ ખાનગી કોવિડ હોસ્પિટલમાં ઓક્સિજન અને બેડની અછતથી કોરોનાગ્રસ્ત દર્દીઓ અને તેમના સગાઓ તંત્રના ખાડે ગયેલા વહીવટ સામે ભારોભાર આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. જિલ્લામાં તા.૪ મે. ના રોજ ૧૫૧ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે એ સાથે કુલ પોઝિટિવ કેસ ૪૬૫૬ નોંધાયેલા છે.

જેમાં અત્યાર સુધીમાં ૩૪૫૮ દર્દીઓને રજા આપવામાં આવી છે. જિલ્લાના કનાઈ, રંગપુર, ઈલોલ, મુનાપુર, સરવાણા, ભાવપુર, રાયગઢ, કેસરપુરા, રૂપાલ, કુપકંપા, ગઢોડા, હડીયોલ, હાજીપુર, સાંચોદર, રાજપુર, ડેમાઈ, વદરાડ, જામડા, ગઢોડા, નોત્રામલી, ઉંચીધનાલ, પંચગામડા, ભુવેલ, સેબલીયા, મોયદ, અંબાવાડા, બાલીસણા, પુનાદરા, તખતગઢ, લીમલા, બાકરપુર, કતપુર, આંતરોલીદોલજી, આંતરોલી પુંજાજી, માંકમનીમુવાડા, જશાજીનીમુવાડી, ખેરોલ, રણાસણ, કાબોદરા, મોઢુકા સહિતના ગામડાઓમાં કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે.

**રોગચાળાને નાથવા તંત્ર મક્કમ**

## બાયડ તાલુકાના ગામડાઓમાં ફળીયા દીઠ ૩ થી ૫ બેડની સુવિધા ધરાવતા હોમ આઈસોલેશન કેન્દ્ર ઉભા કરાયા

**હોમ આઈસોલેશન કેન્દ્રમાં દાખલ થનાર દર્દીને પાણી, ચા-નાસ્તો, જમવાની વ્યવસ્થા પંચાયત દ્વારા પૂરી પડાશે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

રાજ્ય તેમજ અરવલ્લી જિલ્લામાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે ત્યારે કોરોના રોગચાળાને નાથવા રાજ્ય સરકારના નિર્દેષ અનુસાર અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રએ મક્કમતાથી ૬૨ ગ્રામ પંચાયતોના તલાટી કમ મંત્રી, સરપંચ સહિત જવાબદારોનો સંપર્ક કર્યા પછી ક્લસ્ટર સ્તરે ૨૦ થી વધુ બેડ ધરાવતા કેન્દ્ર તૈયાર કરવામાં આવ્યા છે જેમાં કોમ્પ્યુનીટી હોલ, કેળવણી મંડળનાં મકાનો, પ્રા.શાળા, હાઈસ્કુલ, આશ્રમ શાળાઓનો ઉપયોગ



કામગીરી શરૂ કરી છે. બાયડ તાલુકાના ગામડાઓમાં ફળીયા દીઠ ૩ થી ૫ બેડની સુવિધા ધરાવતા આઈસોલેશન કેન્દ્ર ઉભા કરાયા છે. જેમાં કોઈનું મકાન, આંગણવાડી કેન્દ્રનો ઉપયોગ થઈ રહ્યો છે. જ્યારે પંચાયત સ્તરેથી ૫ થી ૧૦ બેડની સુવિધા ધરાવતા હોમ આઈસોલેશન કેન્દ્ર તૈયાર કરાયાનું ઈન્ચાર્જ બાયડ તાલુકા વિકાસ અધિકારી રાકેશભાઈ પટેલે જણાવ્યું છે.

કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. આવનારા દિવસો વધુ ભયાનક હોય તેવી સંભાવના સાથે જે પરિવારોને પોતાના ઘરમાં કોરોનાથી સંક્રમિત થયા પછી રહેવા માટેની સવલત નથી તેવા દર્દીઓ માટે હોમ આઈસોલેશન કેન્દ્ર ઉભા કરવાની સૂચના મળતાં બાયડ તાલુકા વિકાસ અધિકારીએ તમામ કરવામાં આવ્યો છે.

જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયાના માર્ગદર્શન હેઠળ બાયડ તાલુકામાં તમામ ગામના ફળીયા દીઠ ૩ થી ૫ બેડની સુવિધા ધરાવતા હોમ આઈસોલેશન કેન્દ્રો પણ કાર્યરત થઈ ગયા છે અને તેમાં સારવાર લેનારા દર્દીઓ માટે પાણી, ચા-નાસ્તો, જમવા સહિતની સુવિધા ઉભી કરવામાં આવી છે. જ્યારે મેડીકલની તમામ સુવિધાઓ પણ આપવામાં આવશે. બાયડ તાલુકામાં ૮ આઈસોલેશન કેન્દ્રો શરૂ કરાયા છે જેમાં ઉંટરડા, સાઠંબા, ચોઈલા, વાત્રકગઢ, ગાબટ, આંબલિયારા, ડેમાઈ અને આમોદરા તેમજ તાલુકા કક્ષાનું હોમ આઈસોલેશન સેન્ટર બાયડ નજીકના વારેણા આશ્રમમાં ૫૫ બેડ સાથે શરૂ કરાયું છે.

# ચિત્રોડા ખાતે આઈસોલેશન સેન્ટર શરૂ

**૨૫ પથારી સાથે બે ટાઈમ જમવા, ચા-નાસ્તાની પણ સેવા : ચિત્રોડા ગ્રામ પંચાયત-સેવા મંડળી-દૂધ મંડળી અને દાતાઓના સહયોગથી કોરોના સંક્રમિત લોકો માટે વ્યવસ્થા કરાઈ**

ઈડર તા.૪

કોરોના ની બીજી લહેર જીવલેણ સાબિત થઈ રહી છે,અને અનેક લોકો કોરોના સંક્રમિત થઈ રહ્યા છે.ત્યારે જે લોકોના ઘરે રહેવા માટેની અન્ય સુવિધાઓ નથી તેવા લોકો માટે ચિત્રોડા ગ્રામ પંચાયત, દૂધ ઉત્પાદક સહકારી મંડળી,સેવા સહકારી મંડળી અને અન્ય દાતા ઓ ના સહયોગથી ચિત્રોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના ઈન્ચાર્જ હેલ્થ ઓફિસર ડૉ. ફહરીન મલિકના માર્ગદર્શન હેઠળ ચિત્રોડા પ્રાથમિક શાળા ન.૨ માં ૨૫ પથારી ઓ સાથેનું આઈશોલેશન સેન્ટર બનાવમાં આવ્યું છે.

આ આઈશોલેશન સેન્ટરમાં સવારે ચા-નાસ્તો,બપોરે સાંજે જમવાનું તેમજ પ્રાથમિક સારવાર અને સેનેતાઈઝર સહિત ની સુવિધાઓ પુરી પાડવા આવશે.

કોરોના કાર મુખો બન્યો છે,છેલ્લા એક મહિનાથી અનેક લોકો મોતને ભેટ્યા છે,સેકન્ડો લોકો ચેપ ગ્રસ્થ બની હોસ્પિટલમાં અને હોમ આઈસોલેટ થઈ સારવાર લઈ રહ્યા છે,તેવા સંજોગોમાં અનેક પરિવારો ના ઘરે અલગ પ્રાથમિક



સુવિધાઓ ન હોઈ તેવા સંજોગો માં સરકાર ધ્વરા ગામડે ગામડે આઈસોલેટ સેન્ટરો શરૂ કરવાના ભાગ રૂપે આજે ચિત્રોડા ખાતે પ્રાથમિક શાળા નંર માં સુવિધા સભર આઈસોલેટ સેન્ટર શરૂ કરાયું છે.પાછલા એકાદ અઠવાડિયામાં ચિત્રોડા ગામના અનેક લોકો કોરોના સંકમિત થતા પોતાના ઘરે પ્રાથમિક સુવિધાઓના અભાવના કારણે ચેપ ગ્રસ્થ લોકો થી અન્ય પરિવાર ના સભ્યો ને પણ સંકમિત થતા હતા ,જ્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોના ટેસ્ટિંગ માટેની કિટો ની તીવ્ર અછત ના કારણે ટેસ્ટ ના અભાવે વધુ ને વધુ લોકો સંક્રમિત થતા અને મોત ને ભેટી રહ્યા છે,ત્યારે આઈસોલેટ સેન્ટર શરૂ કરતાં ગામમાં પ્રાથમિક લક્ષણો જનતા લોકો ને આશીર્વાદ રૂપ બની રહેશે,આ આઈસોલેટ સેન્ટર શરૂ કરવામાં સાબરડેરી ના ડિરેક્ટર કનુભાઈ પટેલ,તાલુકા પંચાયત સદસ્ય રાજુભાઈ પટેલ ,સરપંચ ચેતનાબેન પટેલ,પૂર્વ સરપંચ બાબુભાઈ તેમજ અન્ય દાતા ઓના સહયોગ સાથે સુવિધા સભર આઈસોલેટ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે.

# રેમડેસિવિર ઈન્જેક્શન કાળા બજાર : સાબરકાંઠા એલ.સી.બી.એ મુખ્ય સૂત્રધાર સચિન પરમારને દબોચ્યો

**અમદાવાદના ડૉક્ટર પાસેથી ૬ ઈન્જેક્શન ખરીદ્યાનો ઘટસ્ફોટ, તપાસ દરમ્યાન ચોંકાવનારી વિગતો સામે આવશે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

કોરોનાના દર્દીઓ માટે રેમડેસિવિર ઈન્જેક્શનની અછત ઉભી થતાં મોટાપાયે કાળા બજાર શરૂ થયું છે ત્યારે સાબરકાંઠા એલ.સી.બી. ટીમે બાતમીના આધારે ઈન્જેક્શનનું કાળા બજાર કરનારા ૪ ઈસમોને દબોચ્યા પછી વધુ બે કેરીયર ઝડપાયા હતા પરંતુ મુખ્ય સૂત્રધાર સચિન કાનાભાઈ પરમાર (રહે.સાંચોદર, તા.હિંમતનગર)ને દબોચી લીધો છે. પોલીસે તેની યોગ્ય સરભરા કરતાં અમદાવાદના સરખેજ વિસ્તારમાં ડૉક્ટર પાસેથી ૬ ઈન્જેક્શન ખરીદ્યાનું પોલીસ સમક્ષ નિવેદન આપ્યું છે. તપાસ દરમ્યાન અનેક ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી શકે છે.

સાબરકાંઠા એલ.સી.બી. પી.આઈ., એમ.ડી.ચંપાવતના માર્ગદર્શન હેઠળ પોલીસે થોડાક સમય અગાઉ મર્ડર સહિતના ગંભીર ગુનામાં સંડોવાયેલા સલીમ બાદશાહને ઝડપી લીધો હતો. ત્યારબાદ હિંમતનગરમાં રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર થઈ રહ્યાની ફરિયાદ ઉભી થઈ હતી. જેના પગલે પોલીસે કાળા બજારીયાઓને ઝડપી લેવા માટે હિંમતનગર સહકારી જીન પાસે છટકું ગોઠવતાં કેમીસ્ટ સહિત ૪ આરોપીઓને ૩ ઈન્જેક્શન અને ૨ વાહનો સાથે દબોચી લીધા હતા. તપાસ દરમ્યાન હિંમતનગર સિવિલ હોસ્પિટલના હંગામી કર્મચારીની સંડોવણી બહાર આવતાં ત્યારબાદ વધુ ૨ કેરિયરને પોલીસ તપાસ માટે લઈ આવી હતી પરંતુ આરોપીઓને રેમડેસિવિર ઈન્જેક્શન બ્લેકમાં આપનાર મુખ્ય સૂત્રધાર સચિન પરમાર પોલીસ પકડથી દૂર હતો જેથી એલ.સી.બી. પી.આઈ., એમ.ડી.ચંપાવતના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. જે.પી.રાવ, પ્રહસભાઈ, વિક્રમસિંહ અને અમૃતભાઈ વગેરેની ટીમે મળેલી બાતમીના આધારે સચિનને અમદાવાદ થી દબોચી લીધો હતો અને પૂછપરછ દરમ્યાન અમદાવાદના એક ડૉક્ટર પાસેથી એક ઈન્જેક્શન રૂા.૨૫ હજારની કિંમતથી એમ કુલ-૬ ઈન્જેક્શન ખરીદ્યાનું નિવેદન આપ્યું છે. જ્યારે અન્ય આરોપીઓને એક ઈન્જેક્શન દીઠ માત્ર ૧૦૦૦ રૂા. જ વધુ મળતા હોવાનું કબુલાતનામું ગળે ઉતરે તેમ નથી. એલ.સી.બી.એ ઈન્જેક્શનના કાળા બજારીયાઓને ઝડપ્યા પછી સચિન પરમાર પોલીસ પકડથી દૂર રહ્યો ત્યાં સુધીમાં તેને પોલીસ સમક્ષ કયા નિવેદનો આપવા તેના પાઠ લીધાની પણ સંભાવના છે.

## કોઈપણ ગુનેગારને છોડાશે નહીં : એલ.સી.બી. પી.આઈ.

બાયડ : એલ.સી.બી. પી.આઈ., એમ.ડી.ચંપાવતે જણાવ્યું કે કોરોનાના કપરા કાળમાં માનવતા દાખવવાના બદલે જરૂરીયાતમંદ દર્દીઓના સગાઓને કાળા બજારમાં ઈન્જેક્શન આપવા ગંભીર ગુનો છે. ગુનામાં સંડોવાયેલા કુલ-૭ આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી અને તપાસ દરમ્યાન એફ.એસ.એલ. રિપોર્ટમાં ઈન્જેક્શન નકલી હોવાનું જણાશે તો આરોપીઓ સામે સદોષ માનવ વધનો ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવશે અને ગુનેગાર સાબિત થાય તો આરોપીઓને ૭ વર્ષની સજાની કાયદામાં જોગવાઈ કરેલી છે.

## ગાંભોઈ નજીક ઉભેલી લક્ઝરી બસમાં મુસાફરી કરતા મુસાફરના ૨.૩૦ લાખની તસ્કરી

રાજકોટ થી રાજસ્થાન જતી લક્ઝરી બસમાં મુસાફરી કરી રહેલા રાજસ્થાનના મુસાફર શ્યામલાલ ભગવાનલાલ પાલીવાલ (હાલ રહે.રાજકોટ, મૂળ રહે.કુંભલગઢ) સ્લીપર કોચમાં બેસીને વતન જઈ રહ્યા હતા ત્યારે ગાંભોઈ નજીકની હોટલ પાસે ચા-નાસ્તો કરવા માટે ઉભા રહ્યા તે સમયે કોઈ તસ્કરે તેમની બેગ સાઈડમાંથી કાપી પાકીટમાંથી રૂા.૨,૩૦,૦૦૦ની રોકડની તસ્કરી કરી પલાયન થઈ જતાં ગાંભોઈ પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સી.સી.ટીવી ફૂટેજના આધારે તસ્કરને શોધવાના પ્રયાસ શરૂ કર્યા છે.

કોરોનાનું મહાસંક્રમણ લાંબો સમય ચાલશે તો લૂંટ, ધાડ, તસ્કરી સહિતના બનાવોમાં ગંભીર ઉછાળો આવી શકે છે. મૂળ રાજસ્થાનના અને રાજકોટ સ્થાયી થયેલા વેપારી શ્યામલાલ પાલીવાલ તા.૨૬ના રોજ રાજકોટથી મહાવીર ટ્રાવેલ્સની લક્ઝરી બસમાં વતન તરફ રવાના થયા હતા અને ચા-નાસ્તો કરવા માટે લક્ઝરી ગાંભોઈ ગામના સીમાડામાં આવેલી હોટલમાં થોભી તે સમયે તેમના સ્લીપર કોચનો દરવાજો ખોલી કોઈ તસ્કરે બેગને સાઈડમાંથી કાપી બેગમાં રાખેલ લાખો રૂપિયાની તસ્કરી કરી પલાયન થઈ ગયા હતા. વતન પહોંચ્યા પછી તસ્કરી થયાનું જણાતાં આ બનાવ અંગે ગાંભોઈ પોલીસમાં જાણ કરતાં તસ્કરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બાયડમાં દારૂનો ધંધો હાલ બંધ રાખવા બુટલેગરોને પોલીસની સૂફીયાણી સલાહ

**છાપામાં સમાચાર આવ્યા છે એટલે હમણાં સાવધ રહેજો, ટાઉન સ્ટાફમાં મોટાપાયે ફેરફાર જરૂરી**

બાયડ પોલીસ સ્ટેશનની હદમાં દારૂનો ધંધો ફૂલ્યો ફાલ્યો છે. કોરોનાના કપરા કાળમાં દર્દીને હોસ્પિટલમાં બેડ મળતા ન હતા પરંતુ દારૂડીયાઓને સવાર, બપોર, સાંજ માંગો તેટલો દારૂ મળતો હતો. તાજેતરમાં જ દારૂ પી ને લથ્થડીયાં ખાતા દારૂડીયાની વિગતો ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા પછી બાયડ પોલીસ ધંધે લાગી છે. બાયડમાં દારૂનો ધંધો કરતા બુટલેગરોના ત્યાં જઈને પોલીસે હાલ ધંધો બંધ રાખવા સૂફીયાણી સલાહ આપી છે અને કહ્યું છે કે છાપામાં સમાચાર આવ્યા છે એટલે ગમે ત્યારે વિઝીલન્સ ટીમ આવશે જેથી સાવધ રહેજો. બાયડના નવનિયુક્ત પી.એસ.આઈ. ટાઉન સ્ટાફના ઉઘરાણાને નજર અંદાજ કરશે તો આવનારા દિવસોમાં દારૂની હાટડીઓથી ત્રાસેલી પ્રજા જનતા રેડ કરે તો નવાઈ પામવા જેવું નહીં હોય.

બાયડના લાખેશ્વરી, ભૂખેલરોડ, ગાબટ રોડ, બાયડ ગામ, જૂના બસ સ્ટેશન સહિતના અનેક વિસ્તારોમાં પાણીની પરબની જેમ દેશી-વિદેશી દારૂનો વેપલાનાં હાટડાં મંડાયાં છે. કહેવાય છે કે જિલ્લામાં દારૂબંધીનો કડક અમલ હોય અને દારૂ ન મળતો હોય તો બાયડ બસ સ્ટેશન ઉપર આવી બુટલેગરને બોલાવવામાં આવે તો માંગો તેટલો દારૂ મળી જતો હોય છે અને આ માટે એલ.સી.બી. થી માંડી સ્થાનિક પોલીસ અને ક્યારેક ઉચ્ચ સ્તરે દર મહિનાની ૫ તારીખે વહેવાર થતા હોવાના લોકઆક્ષેપ જાણીતા છે. બાયડના એક બુટલેગરે તો દૂધના વેચાણ સાથે હોમ ડીલીવરી દારૂનો વેપલો શરૂ કર્યો છે. કેટલાકે તો શાકભાજીના ધંધા સાથે પણ દારૂનું વેચાણ શરૂ કર્યું છે અને આ તમામ વિગતો બાયડ પોલીસનો ભ્રષ્ટ સ્ટાફ જાણતો હોવા છતાં કોઈ પગલાં ભરાતાં નથી તેની પાછળ શું કારણ હશે તે જણાવવાની જરૂર નથી. પરંતુ દારૂનાં હાટડાં પકડતી એલ.સી.બી. જ ઉઘરાણાના આક્ષેપોમાં અને સંતાડેલી દારૂની બોટલ સાથે ઝડપાતી હોય તો તેમના હાથ નીચે કામ કરતો સ્થાનિક પોલીસનો સ્ટાફ કેટલો શાહુકાર હશે..?? બાયડમાં જે રીતે સમી સાંજથી સોશ્યલ ડિસ્ટન્સના લીરા ઉડાડી દારૂડીયાઓ દારૂ પીવા માટે ભેગા થાય છે તેના ઉપરથી જ બાયડ પોલીસની પોપાબાઈ જેવી કામગીરીનો પર્દાફાશ થઈ રહ્યો છે.

## કૂવામાં ખાબકેલી કારના ચાલકને લોકોએ બચાવી લીધો

શહેરમાં કોરોનાની મહામારીએ લોકોને શારીરિકની સાથે માનસિક રીતે પણ પરેશાન કરી દીધા છે. જેને કારણે લોકો ડરના માર્યા જિંદગી ટૂંકાવી રહ્યા હોવાની સાથે કોરોનાગ્રસ્ત દર્દીઓને મદદ કરવામાં પણ ભારે ડર અને ભય અનુભવી રહ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લામાં ધરમ કરતા ધાડ પડે તેવી ઘટના અરવલ્લી જીલ્લામાં બહાર આવી છે જેમાં માલપુર-ધનસુરા રોડ પર વાવડી ગામ નજીક આવવારું કુવામાં કાર ચાલક ખાબકતા નજીકમાં રહેણાંક ધરાવતા આર્મી જવાનો અને લોકો કાર ચાલકની મદદ માટે પહોંચી કાર ચાલકને રસ્સીની મદદથી ભારે જહેમત પછી બહાર કાઢ્યો હતો કાર ચાલક બહાર નીકળતાની સાથે મને કોરોના થયો છે અને લોકોને દૂર રહેવા જણાવતા મદદ માટે પહોંચેલા લોકોમાં ભારે નાસભાગ મચી હતી ઈજાગ્રસ્ત કાર કારચાલક ગાયબ થઈ જતા બચાવ માટે પહોંચેલા લોકોમાં કોરોના સંક્રમણનો ભય પેદા થયો છે.

## દુઃખદ અવસાન


બાયડ : ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના જયેશભાઈ ગોસ્વામી (કોન્ટ્રાક્ટર, પૂર્વ સદસ્ય : આકરૂન્દ ગ્રામ પંચાયત), કલ્પેશભાઈ ગોસ્વામી (સી.આર.સી. : બોરડીટીંબા)ના માતા બબુબેન રામભારથી ગોસ્વામી (નિવૃત્ત પ્રા. શિક્ષક : આકરૂન્દ આદર્શ સરકારી પ્રા.શાળા)નું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન પરિસ્થિતિના કારણે માત્ર ટેલિફોનિક બેસણું રાખેલ છે.

●●●



બાયડ : તલોદ તાલુકાના સહકારી આગેવાન, કઠવાડા દૂધ મંડળીના ચેરમેન જ્યંતિભાઈ પટેલના માતા મણીબેન પટેલનું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન મહામારીના કારણે બેસણું રાખેલ નથી. સબંધીઓ, મિત્રોએ સદ્‌ગતના આત્માની શાંતિ માટે ઘરે બેઠાં પ્રાર્થના કરવી.

●●●



બાયડ : બાયડ હાઈસ્કુલના નિવૃત્ત આચાર્ય એચ.પી.જોષી (મોડાસા)નું નિધન થયેલ છે.